## શ્રી મહીસાગર વિદ્યાલય, કઠાણા, તા. બોરસદ, જી. આણંદ અને ઊભાપાણ પ્રાથમિક શાળા તા. ફતેહપુરા જી. દાહોદના વિદ્યાર્થીઓની આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત

---

શ્રી મહીસાગર વિદ્યાલય, કઠાણા, તા. બોરસદ, જી. આણંદના ધોરણ-૯-૧૦ના ૫૫ વિદ્યાર્થીઓ અને ઊભાપાણ પ્રાથમિક શાળા તા. ફતેહપુરા જી. દાહોદના ૬૫ વિદ્યાર્થીઓએ તા. ૧૦.૧.૨૦૨૪ બુધવારના રોજ, આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર સ્મૃતિ કેન્દ્ર અને સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોની કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેથી આવનારા સમયમાં તેઓ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં ભાગ લઇ શકે. તેઓએ યુનિવર્સિટીના અન્ય વિભાગો જેવા કે ઔષધિય પ્લાન્ટ નર્સરી અને પ્રાકૃતિક ખેતી ફાર્મની પણ મુલાકાત કરી માહિતી મેળવી હતી. સદર મુલાકાત દરમ્યાન ડૉ હિમાંશુ પટેલ, મદદનીશ પ્રાધ્યાપક અને સ્કૂલના શિક્ષકો હાજર રહેલ હતા.




